જન્મદિને વધામણી

કોકિલાબેન સુમંતભાઈ શાહ
ફોન : ૨૩૨૨૬૫૫૭

ભૂમિકા પરેશકુમાર ગટવી
મો. ૯૯૧૩૩ ૮૬૬૬૫

પ્રતીક્ષા કમલેશ મકવાણા

રમ્ય અલ્પેશ પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સોજા હાઈસ્કૂલના ઉપક્રમે કન્યા કેળવણી મહોત્સવ - શાળા પ્રવેશોત્સવ સંપન્ન

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે આજ રોજ શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાઈ ગયો. શાળાના શિક્ષક રાકેશ પ્રજાપતિ આ અંગેનો અહેવાલ આપતાં જણાવે છે કે જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, ગાંધીનગરના પ્રાધ્યાપિકા રશ્મિકાબેન મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત સદર કાર્યક્રમમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાથી ભાઈઓ-બહેનોને સહર્ષ આવકારવામાં આવ્યા હતા. સરસ્વતી સાયકલ યોજના અન્વયે શાળાની બાલિકાઓને મહેમાનશ્રીઓના વરદ હસ્તે સાઈકલ અર્પણ કરવામાં આવી હતી. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત 'નેશનલ મિન્સ એન્ડ મેરિટ સ્કોલરશિપ પરીક્ષા' માં ઉત્તિર્ણ થનાર શાળાના બાળકોને આ પ્રસંગે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓના શુભ હસ્તે શાળાની ઈકો ક્લબના ઉપક્રમે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. 'વધુ વૃક્ષો ઉછેરો, 'દિકરી વધાવો, 'પાણી બચાવા' અને 'સ્વચ્છતા જાળવો' જેવા વિવિધ વિષયો પર બાલિકાઓએ પોતાના વિચારો-મંતવ્યો-અભિપ્રાયો-વક્તવ્ય રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની બાલિકાઓએ કર્યું હતું.

પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં ઍડમિશનની તક

બીએ હોમ સાયન્સના અભ્યાસક્રમમાં ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહમાં પાસ કર્યા પછી પ્રવેશ મળી શકે છે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે બીએ, હોમ સાયન્સનો અભ્યાસક્રમ ચાલુ છે, જેમાં ઍડમિશન આમંત્રિત કરવામાં આવ્યાં છે.

ઈન-ચાર્જ પ્રિન્સિપાલ દ્વારા આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે કૉલેજ ખાતે ચાલતો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ સ્કૂલમાં ટીચર તથા ક્રાફ્ટ ટીચર તરીકે, કૉલેજમાં લેક્ચરર તરીકે, ઍનજીઓમાં કો-ઓર્ડિનેટર તરીકે, વિસ્તરણ કાર્યકર તરીકે તથા મધ્યાહ્ન ભોજન યોજનામાં સુપરવાઈઝર તરીકે, લૅબોરેટરી કો-ઓર્ડિનેટર તરીકે, આંગણવાડી અધિકારી તરીકે, મુખ્ય સેવિકા તરીકે તથા ડેરીમાં પીઆરઓ તરીકે, આઈસીડીઍસમાં સુપરવાઈઝર તરીકે, હોસ્પિટલમાં ડાયેટિશીયન તરીકે અને તાલુકા વિકાસ અધિકારી તરીકે પણ કાર્ય કરવાની તક મળી શકે છે.

કોઈપણ પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીની આ કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે. પ્રવેશ હેતુ મોબાઈલ નંબર ૭૮૭૪૪ ૦૭૦૧૭ અથવા ૯૦૯૯૩ ૮૦૭૨૭ દ્વારા સંપર્ક સાધવા તેમણે વધુમાં જણાવ્યું છે.

ઈન્ટરનેશનલ એસ્ટ્રો ફાઉન્ડેશન દ્વારા વાઈબ્રન્ટ એસ્ટ્રોલોજી કોન્ફરન્સનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ઈન્ટરનેશનલ એસ્ટ્રોફાઉન્ડેશન દ્વારા આગામી તા.૧૧-૧૨-જુન, ૨૦૧૬ શનિવાર-રવિવારના દિવસે નરોત્તમ ઝવેરી હોલ, મ્યુઝિયમ પાસે, પાલડી, અમદાવાદમાં ૯મી વાઈબ્રન્ટ એસ્ટ્રોલોજી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.

આ અંગેની માહિતી આપતાં જિતેન્દ્ર મણિયાર જણાવે છે કે અમદાવાદના પ્રથમ નગર પતિ શ્રી ગૌત્તમભાઈ શાહ તથા અન્ય વિભૂતિઓ દ્વારા મંગલ દિપ પ્રગટાવી મંગલ પ્રારંભ કરવામાં આવશે. આ પ્રસંગે દેશ-વિદેશના નામાંકિત જ્યોતિષીઓ પધારશે. રાષ્ટ્રના આર્થિક અને સામાજીક વિકાસ પર ઉત્કૃષ્ટ ફાળો આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ સંસ્થા દ્વારા આપવામાં આવ્યો છે. સનાતન સંસ્કૃતિ દિન-પ્રતિદિન લુપ્ત થઈ રહી છે ત્યારે આ પ્રાચીન પ્રણાલીને જીવંત રાખવા જે વિભૂતિઓએ પોતાનું જીવન સમર્પિત કર્યુછે, તેવા વિભૂતિઓના સંશોધનોને આધારે માનનીય પ્રવચનો તથા જ્યોતિષ અંગે પ્રશ્નોત્તરી રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આમ જનતામાં સન્માનનીય જ્યોતિષીઓનું વિવિધ ઉપાધિ દ્વારા સન્માન કરવામાં આવશે. આમ જનતા આ પ્રસંગે ઉપસ્થિત રહી પોતાની મનોકામના પૂર્તિ હેતુ જ્યોતિષીઓને પ્રશ્ન પુછી ઉત્તર પ્રાપ્ત કરી શકશે. આ સિવાય શ્રધ્ધા આસ્થા સાથે નિરાશાથી આશાના કિરણ તરફ લઈ જતા ગ્રહોદયના કાંતિકારી સંશોધનને સરળ અને સફળ બનાવવામાં ઉપયોગી થાય તેવા ગ્રહોદયના કાંતિકારી સંશોધનને સરળ અને સફળ બનાવવામાં ઉપયોગી થાય તેવા શુભ આશયથી કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેનાર જ્યોતિષીઓના જ્ઞાનના આદાનપ્રદાન સાથેના વિચાર વિમર્શનો લાભ લઈ શકાશે.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
હાઉસફૂલ ૩
૧.૩૦, ૪.૩૦,
૭.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૨
હાઉસફૂલ ૩
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૩
નિન્જા ટર્ટલ્સ (ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૪૫
નિન્જા ટર્ટલ્સ (ડી હિન્દી)
૩.૧૫, ૧૦.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ડી)
૫.૩૦

સ્ક્રીન-૪
સરબજીત
૬.૪૫
વિરપ્પન
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૫
હાઉસફૂલ ૩
૧૦.૦૦, ૨.૩૦,
૫.૩૦, ૮.૩૦

કેન્દ્રીય રેલવે મંત્રી સુરેશ પ્રભુએ શાહીબાગ, અમદાવાદ ખાતે સ્થિત બીએપીઍસ સ્વામિનારાયણ મંદિરની મંગળવારે સવારે મુલાકાત લીધી હતી. તેમણે સ્વામિનારાયણ ભગવાનને જળાભિષક કર્યો હતો તથા તેમનાં ચરણોમાં પુષ્પો પણ અર્પણ કર્યાં હતાં. સંસ્થાના ઈશ્વરચરણ સ્વામીએ તેમને સત્કારતાં હાથે નાડાછડી બાંધીને પૂ. પ્રમુખસ્વામી મહારાજ વતી આશીર્વાદ પાઠવ્યા હતા.

પદ્મ ઍવોર્ડ માટે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૮

કેન્દ્ર સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત નામાંકિત ખેલાડીઓને પદ્મ એવોર્ડ આપવાની યોજના અમલી છે. જેના ભાગરૂપે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પદ્મ એવોર્ડ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ એવોર્ડ પસંદગી માટે જિલ્લા સીનિયર કોચ, જિલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્રની ભલામણ સાથેની અરજી તા.૧૩-૦૬-૨૦૧૬ સુધીમાં સહાયક નિયામકશ્રી (યોજના), સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, બ્લોક નં-૧૪, ઉજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

ગ્રીન પ્લેનેટ પર્યાવરણ સંસ્થા, કલોલ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે કુદરતી સંસાધનો, વીજળી, પામી, કાગળ, પેટ્રોલ, ડિઝલ, રાંધણ ગેસ બચાવવાના રાષ્ટ્રીય હિત ધરાવતા ભગીરથ કાર્યમાં સહભાગી બનનાર કુલ ૧૨ પર્યાવરણપ્રેમીઓને શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદગુરુ ભગવંતપ્રિયદાસજી સ્વામીના વરદ હસ્તે ઍવોર્ડ અર્પણ કરીને સન્માનમાં આવ્યા હતા.

દિવ્યાંગો માટે રોજગાર ભરતી મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૮

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય સંચાલિત વોકેશનલ રિહેબિલીટેશન સેન્ટર ફૉર હૅન્ડીકૅપ્ડ દ્વારા મંગળવારે દિવ્યાંગો માટેના રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૮૨ જેટલા ઉમેદવારોએ ભાગ લીધો હતો. અલગ-અલગ વ્યવસાયના નોકરીદાતાઓએ રૂબરૂ મુલાકાત બાદ ૨૦ જેટલા દિવ્યાંગ ઉમેદવારોની રોજગારી માટે પસંદગી કરી હતી.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો દ્વારા નવી દિલ્હી ખાતે મંગળવારે ઓલ ઈન્ડિયા વિમેન જર્નાલિસ્ટ્સ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્યનાં ૧૭ મહિલા પત્રકારોએ પણ ભાગ લીધો હતો. કેન્દ્રીય મંત્રી મેનકા સંજય ગાંધીએ આ વર્કશૉપના ઉદ્ઘાટન સત્રમાં દેશનાં મહિલા પત્રકારોને સંબોધન કર્યું હતું.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એક દિવસીય વાર્તા શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આગામી તા. ૨૫-૦૬-૨૦૧૬ના રોજ એક દિવસીય વાર્તા શિબિરનું નવજીવન પ્રેસ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. અકાદમીના સંકલનથી જાણીતા વાર્તાકાર રજનીકુમાર પંડ્યાના સૂત્ર સંચાલન, મોહન પરમારના વકતવ્ય અને લતા હિરાણીના સંકલનથી આ વાર્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. નવજીવન પ્રેસના કર્મા કાફે પરિસરમાં સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક સુધી યોજાનાર આ શિબિરમાં ભાગ લેવા ઇચ્છુકોએ અકાદમી ખાતે સંપર્ક નંબર - ૦૭૯-૨૩૨૫૬૭૯૭/૯૮, gsagandhinagar@gmail.com, રજનીકુમાર પંડ્યા સંપર્ક નંબર- ૯૮૯૮૦૧૫૫૪૫, rajnikumarp@gmail.com તથા લતા હિરાણી સંપર્ક નંબર- ૯૯૭૮૪૮૮૮૫૫, lata.hirani55@gmail.com ઉપર પોતાના નામ નોંધાવી શકશે, તેમ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

બીજો ફિલ્મફેર એવોર્ડ : ૧૯૫૪

બીજા ફિલ્મ ફેયર એવોર્ડમાં શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ નિર્માતા રાજકપૂરને ફિલ્મ બુટ પોલીસ માટે મળેલ હતો. શ્રેષ્ઠ નિર્દેશક તરીકને એવોર્ડ ફરી વખત બિમલ રોયને ફિલ્મ પરિણિતા માટે મળેલ હતો. શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ ભારત ભુષણને ફિલ્મ ચૈતન્ય મહાપ્રભુ માટે મળેલ હતો. શ્રેષ્ઠ

ગીત-સંગીતની દુનિયા

ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

અભિનેત્રીનો એવોર્ડ ફરી વખત મીનાકુમારીને ફિલ્મ પરિણિતા માટે મળેલ હતો. શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ અભિનેતા ડેવિડને ફિલ્મ બુટ પોલીસ માટે મળેલ હતો. શ્રેષ્ય સહાયક અભિનેત્રીનો એવોર્ડ સચિનદેવ બર્મનને ફિલ્મ ટેક્ષી ડ્રાઈવર માટે મળેલ હતો. શ્રેષ્ઠ વાર્તાનો એવોર્ડ પંડિત મુખરામ શર્માને ફિલ્મ ઔદાલ માટે આપવામાં આવેલ હતો.

ફિલ્મ ટેક્ષી ડ્રાઈવરમાં ગીતકાર તરીકે સાહિત્ય લુધિયાન્વી હતા. આ ફિલ્મનું ગીત જાયેં તો જાયેં કહાં, સમઝેગા કોન યહાં પુરુષ સ્વરમાં તલદ મહેમૂદ અને સ્ત્રી સ્વરમાં લગા મંગેશકરે ગાયેલ હતું. આ ફિલ્મમાં મુખ્ય અભિનેતા અને મુખ્ય અભિનેત્રી તરીકે દેવઆનંદ અને કલ્પના કાર્તિક હતા.

અંગત જીવનમાં દેવઆનંદ અને સુરૈયા વચ્ચે અગાઢ પ્રેમ હતો. પરંતુ તેમના લગ્ન ન થઈ શક્યા. ત્યારબાદ દેવઆનંદના અંગત જીવનમાં કલ્પના કાર્તિકનો પ્રવેશ થયો અને બંને લગ્નનાં બંધનમાં બંધાયા. તેઓ બંનેનું લગ્ન જીવન સુખી હતું.

પ્રસ્તુત છે ફિલ્મ ટેક્ષી ડ્રાઈવરના તલત મહેમૂદે ગાયેલા ગીતના શબ્દો -

જાયેં તો જાયેં કહાં,
સમઝેગા કૌન યહાં
દર્દ ભરે, દિલ કી ઝુબાં
જાયેં તો જાયેં કહાં...
માયુસિયોં કા મજમાં હૈ જી મૈં,
કયા રહ ગયા હૈ ઈજ જીંદગી મૈં,
રૂહ મેં ગમ, દિલ મેં ધુઆં,
જાયેં તો જાયેં કહાં...
ઉનકા ભી ગમ હૈ,
અપના ભી ગમ હૈ,
અબ દિલકે બચને કી ઉમ્મીદ કમ હૈ,
એક કશ્તી, સૌ તૂફાં,
જાયેં તો જાયેં કહાં...

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

'મારા પ્રેમાળ પાડોશી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે